RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 10, Dt.19-4-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પત્નીને તેના પતિની મિલકત માનવી ગેરબંધારણીયઃ દિલ્હી હાઈકોર્ટ

**દિલ્હી હાઈકોર્ટે દ્રૌપદીનો ઉલ્લેખ કરીને વ્યભિચાર કેસમાં મોટો ચુકાદો આપ્યો : મહાભારતમાં જુગારમાં દ્રૌપદીની હારનો ઉલ્લેખ કરીને જસ્ટિસ નીના બંસલએ આ કેસમાં આરોપીઓને નિર્દોષ જાહેર કર્યોઃ મહાભારતના સંદર્ભમાં ન્યાયાધીશે પુરુષ અરાજકતાવાદી વિચારસરણીની ટીકા કરી**

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દિલ્હી હાઈકોર્ટે વ્યભિચારના કેસમાં એક પુરુષને મોટી રાહત આપી છે. આ કેસ એક મહિલાના પતિ દ્વારા નોંધવામાં આવ્યો હતો. આરોપ એ હતો કે તે પુરુષ તેની પત્ની સાથે અફેરમાં હતો. કોર્ટે કહ્યું કેસ્ત્રીને પુરુષની મિલકત માનવું ખોટું છે. આ વિચાર મહાભારતના સમયથી ચાલી આવે છે. જસ્ટિસ નીના બંસલ કળષ્ણાએ ૧૭ એપ્રિલના રોજ ચુકાદો આપ્યો. આ માટે તેમણે મહાભારતનો ઉલ્લેખ કર્યો. તેણીએ સમજાવ્યું કે કેવી રીતે જૂનો વ્યભિચાર કાયદો, ઈંડઈ ની કલમ ૪૯૭, પિતળસત્તાક વિચારસરણી પર આધારિત હતો.

**મહાભારતની દ્રૌપદીનો સંદર્ભ**

ન્યાયાધીશ નીના બંસલ કળષ્ણાએ પોતાના ચુકાદામાં કહ્યું, મહિલાને તેના પતિની મિલકત માનવી અને તેના ભયંકર પરિણામોનું મહાભારતમાં સારી રીતે ચિત્રણ કરવામાં આવ્યું છે. દ્રૌપદીને યુધિષ્ઠિર દ્વારા જુગારમાં દાવ પર લગાવવામાં આવી હતી. તેના અન્ય ચાર ભાઈઓ ચૂપચાપ જોતા રહ્યા અને દ્રૌપદી પાસે પોતાની ગરિમા માટે વિરોધ કરવાનો કોઈ અવાજ નહોતો.

**સુપ્રીમ કોર્ટે તેને ગેરબંધારણીય ગણાવ્યું હતું**

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશે પોતાના નિર્ણયમાં ૨૦૧૮ના સુ-ીમ કોર્ટના નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો. તે નિર્ણયમાં, વ્યભિચારને ગુનાની શ્રેણીમાંથી દૂર કરવામાં આવ્યો. સુપ્રીમ કોર્ટે ઈંડઈની કલમ ૪૯૭ ને ગેરબંધારણીય જાહેર કરી હતી. કોર્ટે કહ્યું હતું કે આ કલમ ફક્ત એવી મહિલાને પીડિત માને છે, જેની પોતાની કોઈ ઈચ્છા નથી. જસ્ટિસ કળષ્ણાએ કહ્યું કે કાયદા હેઠળ, વ્યભિચાર કરતીસ્ત્રીને સજા થતી નથી. તેણીને ફસાવવામાં આવેલી પીડિતાઁ માનવામાં આવતી હતી. આ પિતળસત્તાક વિચારસરર્ણીને પ્રતિબિંબિત કરે છે.

**આનાથી મહાભારતનું મહાન યુદ્ધ થયું**

કોર્ટે વધુમાં કહ્યું, ઁજેમ બન્યું તેમ, તે (દ્રૌપદી) જુગારની રમત હારી ગઈ અને ત્યારબાદ મહાભારતનું યુદ્ધ થયું, જેના પરિણામે જાનમાલનું ભારે નુકસાન થયું અને ઘણા પરિવારોનો નાશ થયો સ્ત્રીઓને મિલકત ગણવાના વાહિયાત વિચારના પરિણામો દર્શાવતા આવા ઉદાહરણો હોવા છતાં, આપણા સમાજની પુરુષ અરાજકતાવાદી માનસિકતા આ વાત ત્યારે જ સમજી જ્યારે સુપ્રીમ કોર્ટે ઈંડઈની કલમ ૪૯૭ ને ગેરબંધારણીય જાહેર કરી.

**દિલ્હી હાઈકોર્ટેઅરજી ફગાવી દીધી**

આ કેસમાં, પતિએ આરોપ લગાવ્યો હતો કે તેની પત્ની અને પુરુષ વચ્ચે અફેર હતું. તેણે કહ્યું કે તે બંને એક શહેરમાં ગયા, એક




હોટલમાં રોકાયા અને તેણીની સંમતિ વિના સેક્સ કર્યું. અગાઉ મેજિસ્ટ્રેટ કોર્ટે તે વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો હતો. પરંતુ, સેશન્સ કોર્ટે તે નિર્ણય ઉલટાવી દીધો અને સમન્સ જારી કર્યા. જોકે, હાઈકોર્ટે ફરિયાદ રદ કરી દીધી છે. કોર્ટે કહ્યું કે ઈંડઈની કલમ ૪૯૭ હેઠળ કોઈ કેસ બનતો નથી કારણ કે આ કલમ હવે રદ કરવામાં આવી છે.

**પતિ-પત્નીના સંબંધમાં છેતરપિંડી એ એક ખાનગી બાબત છે**

સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને બેન્ચે કહ્યું, જ્યારે વૈવાહિક સંબંધમાં એક પક્ષ નૈતિક પ્રતિબદ્ધતા ગુમાવે છે, ત્યારે તે સંપૂર્ણપણે ગોપનીયતાનો મામલો છે. વ્યભિચારને ગુનો ગણવો એ એક પ્રતિગામી પગલું હશે. આનો અર્થ એ થયો કે જો પતિ-પત્નીના સંબંધમાં કોઈ છેતરપિંડી થઈ હોય, તો તે તેમનો અંગત મામલો છે. આને ગુનો માનવો યોગ્ય નથી.

**કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો**

કોર્ટે મહિલાઓ પર માલિકી હકોનો દાવો કરવાની જૂની વિચારસરણીની ટીકા કરી. ન્યાયાધીશે કહ્યું કે કાયદો લગ્નની પવિત્રતા જાળવવા વિશે નથી, પરંતુ પતિના નિયંત્રણને જાળવવા વિશે છે. કોર્ટે કહ્યું, તેથી, એ સ્પષ્ટ છે કે આ જૂનો કાયદો હવે તેનો હેતુ ગુમાવી ચૂકયો છે. આ આજના બંધારણીય નૈતિકતા અનુસાર નથી. જે હેતુ માટે તે બનાવવામાં આવ્યું હતું તે હવે મનસ્વી બની ગયું છે. આજના સમયમાં આ સંપૂર્ણપણે અતાર્કિક છે. કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો છે.

## દિલ્હીમા નિર્માણધીન બિલ્ડીંગ અચાનક મધરાત્રે ઘસી પડતા ચાર લોકોના મોત

■ **દુર્ઘટનાનો વિડીયો વાયરલ : ૧૦ લોકોને બચાવાયા**



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પૂર્વી દિલ્હીના મુસ્તુફાબાદ વિસ્તારમાં એક ૬ માળની નિર્માણધીન બિલ્ડીંગ અચાનક મધરાત્રે ઘસી પડતા ચાર લોકોના મોત થયા હતા. અનેક લોકો કાટમાળમાં દબાયા હોવાની આશંકા છે.

આ દુર્ઘટનાના સીસીટીવી વીડીયો પણ બહાર આવ્યો છે. જેમાં દુર્ઘટના બાદ તરત ધૂળના ગોટા નજરે પડે છે. સીસીટીવી કેમેરા પાસેની ગલીમાં જ લાગેલો હતો.

આ વિડીયો બતાવે છે કે, દુર્ઘટના કેટલી ભયાનક હતી સીસીટીવી ફૂટેજમાં દુર્ઘટનાનો સમય રાત્રે ૨-૩૯ નો જોવા મળે છે. દુર્ઘટનાને નજરે જોનાર સાક્ષીએ જણાવ્યું હતું કે અહી બે પુરૂષ, બે પુત્રવધુઓ, તેમનો પરિવાર અને ભાડુઆત રહે છે.સૌથી મોટી વહુના ત્રણ બાળકો છે બીજી વહુના પણ ત્રણ બાળકો છે.

હાલ તેમનો કોઈ પતો નથી. હાલ કાટમાળમાં ૮-૧૦ લોકો ફસાયેલા છે.જયારે દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે ૧૪ લોકોને બચાવી લીધા છે. જેમાં ચારના મોત થયા છે. બચાવ અભિયાન ચાલુ છે. ૮-૧૦ લોકો હજુ ફસાયેલાની આશંકા છે.

## હાઈવેની હાલત ખરાબ હોય તો ટોલ વસુલી ન શકાય એવા હાઈકોર્ટના આદેશ પર સુપ્રિમનો સ્ટે

### હાઈકોર્ટના આદેશને હાઈવે ઓથોરિટીઓ સુપ્રિમમાં પડકાર્યો હતો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના એ આદેશ પર સ્ટે આપ્યો છે જેમાં કહેવામાં આવ્યું હતું કે ખરાબ સ્થિતિમાં હાઈવે પર ટોલ ટેકસ વસૂલવામાં ન આવે. અગાઉ, હાઈકોર્ટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ પર લખનપુર અને બાન ટોલ પ્લાઝા પર ટોલ ટેક્સમાં ૮૦ ટકાનો ઘટાડો કર્યો હતો. જોકે, હવે સુ-ીમ કોર્ટે કહ્યું છે કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ગઈ-૪૪ પર લખનપુર અને બાન ટોલ પ્લાઝા પર ૭૫ ટકાના દરે ટોલ વસૂલ કરી શકે છે. આ કેસની આગામી સુનાવણી ૧૯ મે, ૨૦૨૫ ના રોજ યોજાવાની છે.

બાર એન્ડ બેન્ચના અહેવાલ મુજબ, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૫ માં દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવેનું બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી ગઈ-૪૪ ના લખનપુર અને બાન ટોલ પ્લાઝા પર ટોલ ફીમાં ૮૦ ટકાનો ઘટાડો કરવાની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) ના જવાબમાં આ આદેશ જારી કર્યો હતો. હાઈકોર્ટે તર્ક આપ્યો હતો કે બાંધકામના કામને કારણે હાઈવેની ખરાબ સ્થિતિને કારણે મુસાફરો પાસેથી સંપૂર્ણ ટોલ વસૂલવો અયોગ્ય છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે ટોલ ફીનો હેતુ મુસાફરોને સારા અને સરળ રસ્તાની સુવિધા પૂરી પાડવાનો છે, અને જો રસ્તો ખરાબ સ્થિતિમાં હોય, તો ટોલ વસૂલવો એ વાજબી સેવાના સિદ્ધાંતનું ઉલ્લંઘન છે. હાઈકોર્ટે તેના આદેશમાં અન્ય ઘણા નિર્દેશો પણ જારી કર્યા હતા, જેમાં ટોલ પ્લાઝા વચ્ચે ઓછામાં ઓછું ૬૦ કિમીનું અંતર જાળવવું, ટોલ કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન સુનિશ્ચિત કરવું અને વૈષ્ણોદેવી યાત્રાળુઓ પાસેથી અન્યાયી ટોલ વસૂલાત બંધ કરવી શામેલ છે. હાઈકોર્ટે એ પણ ઉલ્લેખ કર્યો હતો કે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જૂન ૨૦૨૪ માં એક વૈશ્વિક વર્કશોપમાં કહ્યું હતું કે ખરાબ રસ્તાઓ પર ટોલ વસૂલવાનું કોઈ વાજબી કારણ નથી.

NHAI ની અપીલ અને સુપ્રીમ કોર્ટનો નિર્ણય NHAI એ હાઈકોર્ટના આદેશને પડકારતી સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન



(SLP) દાખલ કરી હતી. ગઈઅઈ વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે ટોલ દરોમાં દખલ કરીને હાઈકોર્ટે તેના અધિકારક્ષેત્રનો વિસ્તાર કર્યો છે કારણ કે તે કેન્દ્રીય નિયમો દ્વારા સંચાલિત છે. મહેતાએ એમ પણ કહ્યું કે NH-44 ના ચારથી છ લેન સુધીના નવીનીકરણ દરમિયાન, નિયમ ૪(૯) હેઠળ ટોલ ફીમાં ૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો, જેના પરિણામે ટોલ દરના ૭૫ ટકાના દરે વસૂલવામાં આવી રહ્યો હતો.જસ્ટિસ અભય એસ. ઓકા અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની સુપ્રીમ કોર્ટની બેન્ચે ૧૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ હાઈકોર્ટના આદેશ પર સ્ટે મુકતો વચગાળાનો આદેશ જારી કર્યો હતો.

## ડોલર સામે રૂપિયો તૂટયોઃ વિદેશમાં અભ્યાસ કરતા ભારતીયો માટે વિકટ પરિસ્થિતિ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતીય વિદ્યાર્થીઓમાં વિદેશી શિક્ષણ તરફનો ટ્રેન્ડ સતત વધી રહ્યો છે. વૈશ્વિક ધોરણો ધરાવતી ડિગ્રીઓ, આંતરરાષ્ટ્રીય કારકિર્દીની સંભાવનાઓ તેમને વિદેશમાં અભ્યાસ કરવા માટે પ્રેરિત કરે છે. શિક્ષણ માટે વિદેશ જવું હવે માત્ર એક શૈક્ષણિક નિર્ણય નથી રહ્યો પણ આર્થિક સંઘર્ષ પણ બની રહ્યો છે. ભારતીય ચલણ એટલે કે રૂપિયો, જે થોડા સમય પહેલા ડોલર સામે ? ૭૦ પર હતો, તે હવે ? ૮૫ પર પહોંચી ગયો છે.

જયપુરિયા સ્કૂલ ઓફ બિઝનેસના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. વિભા વર્માએ જણાવ્યું હતું કે ચલણના મૂલ્યમાં આ ઘટાડો વિદેશમાં શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓને સીધી અસર કરે છે. જ્યારે રૂપિયો નબળો પડે છે, ત્યારે વિદેશી યુનિવર્સિટીઓની ફી, રહેઠાણ, આરોગ્ય વીમો, મુસાફરી અને રોજિંદા જીવનના તમામ જરૂરી ખર્ચાઓ સ્વાભાવિક રીતે જ વધે છે.

ઉદાહરણ તરીકે, જો કોઈ વિદ્યાર્થીની ટયુશન ફી ૨૦,૦૦૦ હોય, તો ડોલર રેટ ?૭૦ હોય ત્યારે કુલ ખર્ચ ?૧૪ લાખ થશે. પરંતુ જો ડોલર ? ૮૫ થાય છે, તો તે જ ખર્ચ વધીને ? ૧૭ લાખ થાય છે. આ તફાવત ફક્ત ટયુશન પૂરતો મર્યાદિત નથી - હોસ્ટેલ ફી, રહેવાનો ખર્ચ, પુસ્તકો, મુસાફરી અને અન્ય રોજિંદા ખર્ચ પણ ડોલરમાં છે, જેનો બોજ રૂપિયાના ઘટતા મૂલ્યને કારણે વધુ વધે છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ કયા પડકારોનો સામનો કરી રહ્યા છે?

મોટાભાગના ભારતીય પરિવારો વિદેશમાં અભ્યાસ માટે શિક્ષણ લોન લે છે. જ્યારે રૂપિયાનું મૂલ્ય ઘટે છે, ત્યારે તેમને વધુ પૈસા ચૂકવવા પડે છે, જેનાથી દેવાનો બોજ વધે છે. રૂપિયાના મૂલ્યમાં ઘટાડાને કારણે, વિદ્યાર્થીઓએ તેમની શિક્ષણ લોનની રકમ વધારવી પડે છે અથવા વધારાની વ્યક્તિગત લોન લેવાની જરૂર પડે છે. અમેરિકા અને અન્ય દેશોમાં ફુગાવો પહેલાથી જ એક મોટી સમસ્યા બની ગયો છે. જ્યારે રૂપિયાનું અવમૂલ્યન આમાં ઉમેરવામાં આવે છે, ત્યારે ભારતીય વિદ્યાર્થીઓ માટે સામાન્ય જીવન પણ એક પડકાર બની જાય છે.

ઘણા વિદ્યાર્થીઓ ગુજરાન ચલાવવા માટે પાર્ટ-ટાઈમ નોકરી કરે



છે. પરંતુ આની પોતાની મર્યાદાઓ છે - સમય, નિયમો અને અભ્યાસ પરની અસર. મર્યાદિત બજેટમાં વિદેશમાં અભ્યાસ કરવાનું આયોજન કરનારા પરિવારોને અચાનક તેમના નાણાકીય સંતુલનનું પુનઃસંતુલન કરવાની ફરજ પડી છે.

વિદ્યાર્થીઓ આ કટોકટીનો સામનો કેવી રીતે કરી રહ્યા છે?

વિદ્યાર્થીઓ હવે બિનજરૂરી ખર્ચાઓ ટાળી રહ્યા છે - જેમ કે બહાર ખાવાનું, મુસાફરી કરવી અથવા મોંઘી બ્રાન્ડનો ઉપયોગ કરવો. તેઓ શેર કરેલા રહેઠાણમાં રહેવાનું, જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનું અને સેકન્ડ હેન્ડ પુસ્તકો ખરીદવાનું પસંદ કરી રહ્યા છે.

## શિકાગોમાં એક ગુજરાતી યુવકની સરા જાહેર હત્યા

**મુખ્ય સમાચાર,શિકાગો**

શિકાગોમાં એક ગુજરાતી યુવકને શૂટ કરી દેવાયો હોવાની એક ચોંકાવનારી ઘટના બની છે. મૃતકનું નામ કેવિન પટેલ હોવાનું જાણવા મળ્યું છે. શિકાગો પોલીસના જણાવ્યા અનુસાર લિંકન પાર્કના વેસ્ટ લિલ એવેન્યૂમાં કેવિનને ગોળી મારવામાં આવી હતી.

મૃતકના મિત્રોએ જણાવ્યું હતું કે, તે ફિલાડેલ્ફિયાનો હતો પરંતુ શિકાગોમાં રહેતો હતો તેમજ જોબ કરતો હતો. કેવિનને ગોળી મારવામાં આવી ત્યારે તે પોતાના ઘરથી થોડે જ દૂર હતો, આ ઘટનાથી સમગ્ર એરિયામાં ડરનો માહોલ છવાઈ ગયો છે. કેવિન ફુટપાથ પર ચાલતો પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે જ તેને ગોળી મારવામાં આવી હતી, પોલીસના જણાવ્યા અનુસાર કેવિનને છાતીમાં ગોળી વાગી હતી. તેને ઈલિનોય માસોનિક મેડિકલ સેન્ટરમાં ટ્રીટમેન્ટ માટે લઈ જવાયો હતો.

કેવિનની મદદે દોડી ગયેલા એક વ્યકિતના જણાવ્યા અનુસાર તેને છાતીમાં ગોળી મારવામાં આવ્યા બાદ લોહી વહેતું અટકવવા માટે પોતે ટોવેલ લેવા માટે દોડી ગયો હતો.

આ દરમિયાન પોલીસ ક્રાઈમ સીન પર પહોંચી હતી અને કેવિનને હોસ્પિટલ શિફ્ટ કરવામાં આવ્યો હતો. ગોળી વાગ્યા બાદ કેવિનના શ્વાસ ચાલી રહ્યા હતા, તે ભાનમાં રહે તે માટે પણ આસપાસના લોકોએ ખૂબ જ પ્રયાસ કર્યા હતા અને તે બચી જાય તેવી પણ શક્યતા હતી. તેનું જેકેટ કાઢી નાખવામાં આવ્યું હતું અને તેને ઉંડા શ્વાસ લેવા માટે કહેવાયું હતું અને તે રિસ્પોન્સ પણ આપી રહ્યો હતો. કેવિનને એમ્બ્યુલન્સમાં લઈ જવાયો ત્યાં



સુધી તે જીવીત અને ભાનમાં હતો પરંતુ હોસ્પિટલ પહોંચ્યા બાદ ફરજ પરના ડોક્ટર્સે તેને મૃત જાહેર કર્યો હતો.

જે સમયે અને જે સંજોગોમાં કેવિન પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું તેને જોતા રોબરીના ઈરાદે તેની હત્યા થઈ હોવાની પણ પૂરી શક્યતા છે.

પરંતુ પોલીસ હજુ સુધી આ અંગે કશુંય બોલવા તૈયાર નથી તેમજ કેવિન પર અટેક કરનારા લોકો કોણ હતા તેની પણ કોઈ માહિતી પોલીસને નથી મળી.

## વેપાર ઉદ્યોગના જીએસટી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા વધુ સરળ બનાવવામાં આવી

### શંકાસ્પદ અરજી માટે ૩૦ દિવસની સમયમર્યાદા; અધિકારીઓ માટે પણ દિશાનિર્દેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વેપાર ઉદ્યોગના જીએસટી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનાવવામાં આવી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેકટ ટેસ્ટ એન્ડ કસ્ટમ દ્વારા પ્રોસેસીંગ પ્રક્રિયામાં બદલાવના દિશા નિર્દેશ જારી કરવામાં આવ્યા છે.

તે અંતર્ગત વેપાર ઉદ્યોગકારોને માત્ર સાત દિવસમાં જીએસટી રજીસ્ટ્રેશન મળી જશે. જે અરજી 'જોખમી' કે શંકાસ્પદની વ્યાખ્યામાં હશે તેમાં ફીઝીકલ વેરીફીકેશન કરાશે અને તે પ્રક્રિયા ૩૦ દિવસમાં ખાખ કરવાની તાકીદ કરવામાં આવી છે.




આડકતરા કરવેરા બોર્ડના નવા દિશાનિર્દેશોમાં એમ કહેવામાં આવ્યુ છે કે જીએસટી રજીસ્ટ્રેશનની અરજીમાં ડેટા એનાલીસીસ તથા જોખમી માપદંડોના આધારે કોમન પોર્ટલ પર શંકાસ્પદ ગણવામાં આવી ન હોય અને અરજી 'પરફેકટ' હોય તો અરજી થયાના સાત કાયદાનુ દિવસમાં તેને મંજુરી આપવી પડશે.

જે અરજીઓને કોમન પોર્ટલ પર જોખમી ગણવામાં આવી હોય અથવા અધિકારીને કોઈ શંકાના આધારે ફીઝીકલ વેરીફીકેશન જરૂરી લાગે તો અરજી થયાના ૩૦ દિવસમાં રજીસ્ટ્રેશન મંજુર કરવુ પડશે.સુધારેલી માર્ગદર્શિકામાં અધિકારીઓને એવી પણ તાકીદ કરવામાં આવી છે કે મામુલી વિસંગતતાઓ અથવા બીનજરૂરી દસ્તાવેજ ન હોવાની બાબતોને આગળ ધરીને અરજદારને નોટીસ ન મોકલે અથવા હેરાનગતિ ન કરે.

પ્રોસેસીંગ માટે જરૂરી દસ્તાવેજો સિવાય અન્ય કોઈ ડોકયુમેન્ટસનો આગ્રહ રાખવામાં ન આવે. રજીસ્ટ્રેશન એપ્લીકેશન ફોર્મમાં દર્શાવેલા દસ્તાવેજોના લીસ્ટ મુજબ જ કાર્યવાહી કરવાની તાકીદ કરવામાં આવી છે.

એમ પણ કહેવામાં આવ્યું છે કે લીસ્ટેડ સિવાયના દસ્તાવેજની જરૂર હોય તો અરજદાર પાસેથી મંગાવતા પુર્વે અધિકારીએ ડેપ્યુટી કે આસીસ્ટંટ કમીશ્નરનુ ધ્યાન દોરીને પુર્વ મંજુરી મેળવવી પડશે. અરજીના પ્રોસેસીંગ વખત દસ્તાવેજોની અસલ ફીઝીકલ નકલ માંગવાની પણ મનાઈ ફરમાવવામાં આવી છે.

## JEE મેઈનનું પરિણામ જાહેરઃ ગુજરાતના બે છાત્રોએ વગાડ્યો ડંકો

### રાજસ્થાનના ૭, મહારાષ્ટ્ર-તેલંગાણાના ૩-૩, યુ.પી.-પશ્ચિમ બંગાળ-ગુજરાતના ૨-૨ વિદ્યાર્થીઓનો સમાવેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ગત મોડી રાત્રે એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે લેવામાં આવેલી જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE) મેઈન ૨૦૨૫ના બીજા તબક્કાનું પરિણામ જાહેર કર્યું છે. JEE મુખ્ય સત્ર એક અને બીજા સત્રની પરીક્ષામાં કુલ ૨૪ ઉમેદવારોએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે.

જેમાં રાજસ્થાનના ઓમ પ્રકાશ બેહેરા, સક્ષમ જિંદાલ, અર્ણવ સિંહ, રજિત ગુપ્તા, મોહમ્મદ અનસ, આયુષ સિંઘલ અને લક્ષ્ય શર્માએ ટોપ પર છે. જ્યારે ગુજરાતના શિવેન વિકાસ તોષનીવાલ અને અદિત પ્રકાશ ભગડે ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે.

આ વર્ષે JEE મેઈન ૨૦૨૫ બે રાઉન્ડમાં લેવામાં આવી હતી. જો કોઈ ઉમેદવાર બંને સત્રોમાં હાજર રહ્યો હોય, તો અંતિમ મેરિટ યાદી તૈયાર કરતી વખતે JEE મેઈનમાં ઉમેદવારના શ્રેષ્ઠ સ્કોરને ધ્યાનમાં લેવામાં આવશે. આ વર્ષે પરીક્ષામાં કુલ ૯,૯૨,૩૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૬,૮૧,૮૭૧ મહિલા ઉમેદવારો અને ૩,૧૦,૪૭૯ પુરુષ વિદ્યાર્થીઓ હતા.

પહેલા સત્રમાં ૧૪ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા હતા. ૨૪ ઉમેદવારોમાંથી, ૭ રાજસ્થાનના, ૩-૩ મહારાષ્ટ્ર, તેલંગાણા અને



યુપીના, ૨-૨ પશ્ચિમ બંગાળ, ગુજરાત અને દિલ્હીના છે. એક-એક કર્ણાટક અને આંધ્રપ્રદેશનો છે.

૧૦૦ પર્સન્ટાઈલ મેળવનારાઓમાં ૨૧ ઉમેદવારો સામાન્ય શ્રેણીના છે. ત્યાં જ, EWS, OBC (નોન-ક્રીમી લેયર), જઈ શ્રેણીમાંથી એક-એક ઉમેદવારે ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે.

પહેલા સત્રમાં ૧૪ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા હતા. ૨૪ ઉમેદવારોમાંથી, ૭ રાજસ્થાનના, ૩-૩ મહારાષ્ટ્ર, તેલંગાણા અને યુપીના, ૨-૨ પશ્ચિમ બંગાળ, ગુજરાત અને દિલ્હીના છે.

એક-એક કર્ણાટક અને આંધ્રપ્રદેશનો છે. ૧૦૦ પર્સન્ટાઈલ મેળવનારાઓમાં ૨૧ ઉમેદવારો સામાન્ય શ્રેણીના છે. ત્યાં જ, EWS, OBC (નોન-ક્રીમી લેયર), જઈ શ્રેણીમાંથી એક-એક ઉમેદવારે ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે.

# વાંકાનેરમાં મહિલા સ્વ-રક્ષણ કરાટે તાલીમનો સમાપન સમારોહ યોજાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મહિલા અને બાળાઓ વિરુદ્ધ થતા ગુનાઓ અટકાવવા મોરબી પોલીસ દ્વારા વાંકાનેરમાં ૧૫ દિવસીય કરાટે તથા સ્વ-રક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતી એલ.કે. સંઘવી કન્યા વિદ્યાલય ખાતે યોજાયેલા તાલીમના સમાપન સમારોહમાં અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓએ વિવિધ સ્વ-રક્ષણ ડેમો રજૂ કરી, સાથે પોલીસના આધુનિક હથિયાર તથા શી-ટીમ અને સાઈબર સુરક્ષા વિશે પણ જાણકારી અપાઈ હતી. રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર તથા મોરબી જીલ્લાના પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સૂચના અનુસાર, મહિલા સુરક્ષાને ધ્યાનમાં રાખી વાંકાનેર ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડા તથા વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એચ.એ. જાડેજા અને તાલુકા પોલીસના ડી.વી. ખરાડીના માર્ગદર્શન હેઠળ ૧૫ દિવસીય કરાટે અને સ્વ-રક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ વાંકાનેરની શ્રીમતી એલ.કે. સંઘવી કન્યા વિદ્યાલય ખાતે યોજાઈ હતી, જેમાં વાંકાનેર તાલુકાની ૧૫૦ અને વાંકાનેર સીટીની ૨૦૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન વિવિધ સ્વરક્ષણ ટેકનીકો, કરાટેના કોષલ્ય અને આપત્તિ સમયે દુપટ્ટો, પાણીની બોટલ અને સ્કૂલબેગનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનો જીવંત ડેમો આપવામાં આવ્યો હતો. સમારોહમાં રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, નગરપાલિકા પ્રમુખ ડિમ્પલબેન સોલંકી, મામલતદાર કે.વી. સાનીયા, ચીફ ઓફિસર જી.એસ. સરૈયા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન દિવ્યાંગ બાળકોને ભેટ અને રમકડાં અપાઈ, જે મોરબી પોલીસની સંવેદનશીલતા દર્શાવે છે. વિદ્યાર્થીઓએ વાંકાનેર મોડલ પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ અધિકારીઓ પાસેથી પોલીસ વિભાગની કામગીરીની વિગતો મેળવી હતી. રીઝર્વ પોલીસના ઈન્સ્પેક્ટર એસ.એમ. ચૌહાણ દ્વારા આધુનિક હથિયારનું પ્રદર્શન અને શી-ટીમ તથા ટ્રાફિક અને સાઈબર ક્રાઈમ વિભાગ દ્વારા પણ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. એસ.પી.સી. વિદ્યાર્થીઓએ વિશિષ્ટ પરેડ રજૂ કરી હતી, જેને ઉપસ્થિત મહેમાનોએ તાળીઓથી વખાણી હતી, કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીનીઓને હળવો નાસ્તો આપવામાં આવ્યો અને પોલીસ બંદોબસ્ત હેઠળ સુરક્ષિત રીતે ઘરે મોકલવામાં આવ્યા હતા.





**વાંકાનેર પોલીસ ડિવિઝન ટીમ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં ૩૫૦થી વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો, વિવિધ ડેમો દ્વારા આત્મવિશ્વાસ અને સુરક્ષા વિષે માર્ગદર્શન અપાયું**

## જામનગરના જોડીયા પંથકમાં ટ્રકમાં કતલખાને લઈ જવાતા ૫૦ જેટલા અબોલ પશુઓને બચાવાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા પંથકમાંથી એક ટ્રકમાં ૫૦ જેટલા અબોલ જીવોને ભરીને કચ્છમાં કતલખાને લઈ જવાતા હોવાનું ધ્યાનમાં આવતાં વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીની ફરિયાદના આધારે પોલીસે એક કસાઈ શખ્સ સામે ગુનો નોંધ્યો છે, અને ટ્રક કબજે કરી લઈ અંદર રહેલા તમામ ૫૦ પશુઓને બચાવી લઈ પાંજરાપોળમાં મોકલી દેવાયા છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે મોરબી પંથકના વિશ્વ હિન્દુ પરિષદના શહેર પ્રમુખ કમલેશભાઈ ભગવાનભાઈ ઝુંઝા કે જેઓ એ જોડિયા પોલીસ મથકમાં આવીને ફરિયાદ કરી હતી કે જી.જે ૧૨ એ.યુ.૮૬૪૫ નંબરના મોટા ટ્રકમાં સંખ્યાબંધ પશુઓને ખીચોખીચ ભરીને મોકલવામાં આવી રહ્યા છે.જે ફરિયાદના અનુસંધાને જોડિયા પોલીસે સ્થળ પર પહોંચી કઈ રૂપિયા પાંચ લાખની કિંમતનો ટ્રક કબજે કરી લીધો હતો, જ્યારે ટ્રકની અંદર ભેંસના પાડા અને પાડી સહિતના અંદાજે ૫૦ જેટલા જીવોને બાંધીને ભરીને રાખ્યા હતા,જે તમામને નીચે ઉતાર્યા હતા, અને તમામ પશુઓને બચાવી લઈ પાંજરાપોળમાં મોકલી આપ્યા છે.પોલીસે બનાવના સ્થળેથી કચ્છના વતની ઈસબશા જમનશા શેખ નામના શખ્સની અટકાયત કરી લીધી છે, અને તેં સામે પશુ પ્રત્યે ઘાતકી પણાની કલમ સહિતની અન્ય જુદી-જુદી કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરના નીલકંઠનગરમાં રહેતો યુવાન પાંચ વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાયો

**મુખ્ય સમાચાર,જામનગર**



જામનગરમાં નીલકંઠ નગરમાં રહેતા અને એક ખાનગી કંપનીમાં નોકરી કરતા વિકીભાઈ ગોપાલભાઈ નાડાર નામના ૩૩ વર્ષના પરપ્રાંતિય યુવાને પોતાની પાસેથી પારીનું દૈનિક રાક્ષસી વ્યાજ વસૂલી લીધા બાદ ચેક રિટર્ન કરાવવાની ધમકી આપવા અંગે જામનગરમાં સિધ્ધનાથ એન્ટરપ્રાઈઝના નામની ફાઈનાન્સની પેઢીના ભાગીદાર સુનિલભાઈ નંદા અને ધર્મેશભાઈ નંદા ઉપરાંત પંચેશ્વર ટાવર પાસે રહેતા હર્ષ અસવાર ઉપરાંત કરણસિંહ જાડેજા અને અજય સિંહ જાડેજા સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાનને સૌપ્રથમ પોતાના કામ માટે પૈસાની જરૂરિયાત પડતાં ફાઈનાન્સર સુનિલભાઈ નંદા પાસે બે લાખ રૂપિયા લીધા હતા. જેનું પ્રતિદિન ૨,૦૦૦ રૂપિયા જેવું પારીનું રાક્ષસી વ્યાજ ભરતો હતો.

ઉપરાંત તેના જ ભાઈ ધર્મેશભાઈ નંદા પાસેથી પણ નાણા મેંળવીને તેનું પણ દૈનિક વ્યાજ ચૂકવ્યું હતું.ત્યારબાદ પંચેશ્વર ટાવર પાસે રહેતા હર્ષભાઈ અસવાર અને કરણસિંહ જાડેજા તથા અજય સિંહ જાડેજા નામની અલગ અલગ વ્યક્તિ પાસેથી પણ વ્યાજે નાણાં લીધા હતા. જેનું જંગી વ્યાજ ચૂકવી દીધા છતાં તમામ વ્યાજખોરો ફરીથી ધાક ધમકી આપતા હોવાથી અને કોરા ચેક લખાવી લીધા હોવાથી તે ચેક રીટર્ન કરાવી લેવાની ધમકી આપતા હોવાથી આખરે મામલો સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને આ ફરિયાદના બનાવ અંગે પીએસઆઈ એમ.કે.બ્લોચ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## જામનગરમાં કોંગ્રેસ દ્વારા જિલ્લા પોલીસ વડા કચેરીએ આવેદન પાઠવાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં ભાજપ દ્વારા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરવામાં આવ્યું ત્યારે ત્યાં હાજર પોલીસ મૂક પ્રેક્ષક બની તમાસો જોતી રહી અને કલા જાહેરનામા ભંગ બદલ કોઈ પગલાં લીધા ન હતાં તે મુદ્દે જામનગરમાં કોંગ્રેસ દ્વારા જિલ્લા પોલીસ વડાને ઉદ્દેશીને લખાયેલ આવેદનપત્ર પાઠવી પોલીસના પક્ષપાતિ વલણ સામે આક્રોશ વ્યકત કરવામાં આવ્યો હતો.જામનગરમાં સભા, સરઘસ, પૂતળા દહન નહીં કરવા બાબતનું જિલ્લા કલેકટરનું જાહેરનામું અમલમાં છે. આમ છતાં ભાજપ દ્વારા રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું ત્યારે જામનગર પોલીસનો કાફલો પણ ત્યાં હાજર હતો. આમ છતાં પોલીસે કોઈ પગલાં લીધા નહીં. આથી કોંગ્રેસમાં આક્રોશ જોવા મળ્યો છે.આમ પોલીસમાં પક્ષપાતિ વલણ સામે જામનગરમાં કોંગ્રેસ દ્વારા જિલ્લા પોલીસ વડા કચેરીમાં આવેદનપત્ર પાઠવાયું હતું અને નિયમ મુજબ કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.આ કાર્યક્રમમાં જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, મહાનગરપાલિકાના વિપક્ષના નેતા ધવલ નંદા, કોંગ્રેસના કોર્પોરેટરો જેનબબેન ખફી, રચનાબેન નંદાણિયા, કાસમભાઈ જોખિયા, ઉપરાંત અન્ય આગેવાનો મહિપાલસિંહ, શકિતસિંહ, એડવોકેટ જે.એન. ઝાલા, ભરત વાળા, પ્રયાસ જેઠવા, આનંદ ગોહિલ સહિતનાઓ જોડાયા હતાં.

## ટ્રક ટ્રેલરમાં માટીની આડમાં છુપાવીને લવાતા વિદેશી દારૂના જથ્થા સાથે ડ્રાઈવર-કલીનર પકડાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી)ની ભીમસર ચોકડી નજીક હાઈવે રોડ ઉપરથી ટ્રક ટ્રેલરમાં માટીની આડમાં છુપાવીને લેવાતો વિદેશી દારૂની અલગ-અલગ બ્રાંડની ૧૫૬ નંગ બોટલ સાથે ડ્રાઈવર-કલીનરને મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પોલીસે વિદેશી દારૂ સહિત ૨૧.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની વધુ તપાસ ચલાવી છે.



મોરબી એલ.સી.બી/પેરોલ ફર્લો ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન એએસઆઈ જિજ્ઞાશાબેન કણસાગરા, સુરેશભાઈ હુંબલને ખાનગીરાહે હકિકત મળેલ કે, સામખીયાળી તરફથી એક ટ્રક ટ્રેલર નંબર-આરજે-૩૨-જીડી-૨૫૪૪ મોરબી તરફ આવનાર છે. જે ટ્રક ટ્રેલરના પાછળના ભાગે તાલપત્રી બાંધેલ છે અને તેમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે. તેવી ચોકકસ હકિકત આધારે માળીયા(મી)ની ભીમસર ચોકડી નજીક આવેલ ઓવર બ્રીજ પાસે સર્વીસ રોડ પાસે ટ્રક ટ્રેલરની વોચમાં હતા. દરમિયાન હકીકત વાળી ટ્રક ટ્રેલર ત્યાંથી પસાર થતા તેને રોકી ચેક કરતા તેમાંથી અલગ-અલગ બ્રાંડની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૧૫૬ મળી આવી હતી, આ સાથે આરોપી ટ્રક ચાલક સોહનસિંગ નંદુસિંગ રાવત રહે. દેવરી મસુદા રોડ તા.મસુદા જીલ્લા બ્યાવર (રાજસ્થાન) તથા આરોપી ક્લીનર જસવંતસિંગ નેપાલસિંગ રાવત રહે.ન્યા ગામ સારોટ તા.ભીમ જી.બ્યાવર રાજસ્થાન વાળાની અટક કરવામાં આવી હતી, જ્યારે માલ મોકલનાર આરોપી ઓમસિંગ ઉર્ફે ઓમ પ્રકાશ રાવત રહે.બ્યાવર રાજસ્થાન વાળાનું નામ ખુલ્યું હતું, હાલ એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડે ટ્રક ટ્રેલર, વિદેશી દારૂ સહિત ૨૧,૬૬,૬૬૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમની કાર્યવાહીઃ બે વર્ષ અગાઉ ચોરી કરેલ બાઈક સાથે એકની અટકાયત

### માળીયા(મી)ના માણાબા અને ખોખરા હનુમાન નજીક એમ બે સ્થળોએથી કરેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા ચોરીના બે બાઈક સાથે વાહન ચોર ઈસમની અટકાયત કરવામાં આવી છે, જેમાં માળીયા તાલુકાના માણાબા ગામ નજીક આજથી બે વર્ષ પહેલા ચોરી થયેલ મોટર સાયકલ સાથે એક ઈસમને માળીયા(મી)ના ખીરઈ ગામ નજીકથી ઝડપી લેવામાં આવ્યો હતો, આ સાથે પકડાયેલ વાહન ચોર પાસેથી અન્ય એક ચોરી કરેલ બાઈક સહિત કુલ બે મોટર સાયકલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એલ.સી.બી. ટીમના હેડ કોન્સ.ચંદુભાઈ કાણોતરા, કોન્સ. દશરથસિંહ પરમાર તથા ભગીરથસિંહ ઝાલા માળીયા(મી) વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન ખીરઈ ગામના પાટીયા પાસે હાઈવે ઉપર આવતા એક ઈસમ નંબર પ્લેટ વગરના મોટર સાયકલ સાથે ઉભેલ હોય જે શંકાસ્પદ જણાતા તેને રોકી તેની પાસે રહેલ મોટર સાયકલ જોતા હીરો સ્પ્લેન્ડર પ્રો. કંપનીનુ નંબર પ્લેટ વગરનુ હોય જેના કાગળો તથા આધાર પુરાવા માંગતા પોતાની પાસે નહિ હોવાનું જણાવેલ અને આ મોટર સાયકલ તેણે આજથી બે વર્ષ પહેલા માળીયા(મી) તાલુકાના માણાબા ગામની સીમમાં આવેલ ધોડાધ્રોઈ નદીના રેલ્વે પુલ નીચેથી ચોરી કરેલ હોવાનુ તેમજ આ સીવાય પણ અન્ય એક મોટર સાયકલ તેણે આજથી બે વર્ષ પહેલા મોરબી તાલુકાના ખોખરા હનુમાનજીના મંદીરના સામેના ભાગેથી ચોરી કરેલ મેળવેલ હોય જે મોટર સાયકલ હાલે બંધ હાલતમાં તેના ઘરે પડેલ હોવાનુ જણાતા જે બન્ને મોટર સાયકલ બાબતે ઈ-ગુજકોપમાં સર્ચ કરતા, એક મોટર સાયકલ બાબતે માળીયા(મી) પોલીસ મથકમાં સ્ટેમાં બાઈક ચોરીનો ગુન્હો રજીસ્ટર થયેલ હોય અને અન્ય બાઈક જે ચોરી કે છળકપટથી મેળવેલ શકપડતી મિલ્કત તરીકે મળી આવતા બન્ને મોટર સાયકલ સાથે આરોપી રફીકભાઈ નુરમામદભાઈ ઉર્ફે નામોરી સામતાણી ઉવ.૩૨ રહે.ખીરઈ તા.માળીયા વાળાની અટક કરી, તેની પાસેથી ચોરી કરેલ બંને બાઈક કબ્જે કરવામાં આવ્યા હતા, આ સાથે પકડાયેલ આરોપી વિરુદ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની મુજબ અટક કરી આગળની કાર્યવાહી સબબ માળીયા(મી) પોલીસ મથક ખાતે સોપી આપેલ છે.



## રાજકોટના ક્ષત્રીય આંદોલનના મહિલા અગ્રણી, તેના પૂત્ર સહીત પાંચ સામે હનીટ્રેપની ફરિયાદ

### વિડીયો કોલમાં યુવતીએ ટી-શર્ટ ઊંચું કરી તમે મારૂ દેણું ભરી દો, નહિતર દવા પી જઈઃ કહી ૭ લાખ માંગ્યાઃ ગોંડલમાં રહેતા વૃધ્ધે અવારનવાર બીભત્સ માંગણી કરી છેડતી કર્યાનો વળતો ગુનો દાખલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના એક સમયના સામાજિક મહિલા આગેવાન પદ્મિનીબા વાળા સહિત પાંચ લોકોએ ગોંડલના વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવીને રૂ. ૭-૮ લાખ પડાવવા માટે ધાક ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

જેતપુર રોડ પર રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધે ગોંડલ પોલીસ સ્ટેશનમાં તેજલ નામની યુવતી તથા પદ્મિનીબા વાળા અને તેના દીકરા ઉપરાંત શ્યામ અને હીરેન નામના શખસો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે ગોંડલમાં ૧૫ દિવસ પહેલા ઘર પાસે બેઠા હતા ત્યારે રિક્ષામાં તેજલ નામની યુવતી આવી હતી અને સરનામું પૂછ્યા બાદ થોડીવાર પછી પરત આવીને વાતચીતથી વિશ્વાસ કેળવી મોબાઈલ નંબર લઈ ગઈ હતી.

બીજા દિવસે એ યુવતીએ ફોન કર્યો કે મારો ઘરવાળો મરી ગયો છે, હું ખુબ દુઃખી છું, કંઈક મદદ કરો, મારું દેવું ભરી દો, નહીંતર હું દવા પીને મરી જઈશ જેવી વાતો કરી હતી. આરોપ છે કે બાદમાં બે-ત્રણ દિવસ બંને વચ્ચે વાતો ચાલી હતી અને વીડિયો કોલમાં અશ્લિલ હરકતો થઈ હતી.

આ દરમિયાન ત્રણ દિવસ પહેલાં ૧૬મીએ રાત્રે વૃદ્ધને પદ્મિનીબા વાળાએ ફોન કર્યો અને તેજલબેન વિશે વાતચીત કરવાનું કહીને ધમકી આપી હતી. પછી તેમણે ફોન ઉપાડવાનું બંધ કરતા યુવતી અને પોતાના પુત્ર તથા અન્ય બે યુવકો સાથે વૃદ્ધના ઘરે ધસી આવીને ત્રણ કલાક માથાકૂટ કરી. મવડી ઓફિસે આવી રૂ. ૭-૮ લાખમાં પતાવટ કરી ધમકી આપી જતા રહ્યા હતાં. પરિણામે ગભરાઈ ગયેલાં વૃદ્ધે શુક્રવારે ગોંડલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવતા કાર્યવાહી હાથ ધરાઈ હતી.



# બાળકી સાથે જઘન્ય કૃત્ય કરનાર શિક્ષિકા સામે વાલીની ફરિયાદ







(તસ્વીરઃ આનંદ જાવિયા)

## રાજકોટની કર્ણાવતી સ્કૂલની બહાર ઘર્ષણ; સ્કૂલે CCTV જાહેર કર્યા, આવી કોઈ બાબત નજરે નથી આવતીઃ ડાયરેક્ટર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ચાર વર્ષની બાળકીના ગુપ્તાંગના ભાગે ઈજા પહોંચાડવા મામલે પ્રદ્યુમ્નનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. શહેરના રેલનગર વિસ્તારમાં આવેલી કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલનાં મિત્તલબેન નામનાં શિક્ષિકા વિરુદ્ધ બાળકીની માતા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ઈજા પહોંચાડવી, પોક્સો તેમજ એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે બાળકીને ગુપ્તાંગના ભાગે પેન વડે અથવા કોઈ અન્ય રીતે આંતરિક ઈજા પહોંચાડવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જ્યારે પરિવારના આ આક્ષેપોને શિક્ષિકાએ ખોટા ગણાવ્યા છે. તો સ્કૂલે પણ ૧૧ એપ્રિલના ક્લાસરૂમમાં સીસીટીવી ફૂટેજ જાહેર કર્યા છે, જેમાં આવી કોઈ ઘટના ન બની હોવાની વાત ડાયરેક્ટર દ્વારા કરવામાં આવી છે.

આજે (૧૯ એપ્રિલ) NSUI દ્વારા સ્કૂલે પહોંચીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો, જેમાં ગજબઈએ શિક્ષિકાની ધરપકડ કરી અને સ્કૂલ સામે કાર્યવાહીની માગ કરી હતી. સમગ્ર મામલો ઉગ્ર બને એ પહેલાં જ હાજર પોલીસે ત્રણ કાર્યકરની ટીંગાટોળી કરીને અટકાયત કરી લીધી હતી.

રાજકોટ શહેરમાં સમગ્ર શિક્ષણજગતને લાંછન લગાવતી ઘટના સામે આવતાં ચકચાર મચી જવા પામી છે. માત્ર ચાર વર્ષની બાળકીના પ્રાઈવેટ પાર્ટમાં બોલપેન અથવા એવી કોઈ વસ્તુ ઘુસાડી દેતાં બાળકીને ગુપ્તાંગમાંથી પરુ નીકળતાં માતાને જાણ થઈ હતી. એ બાદ બાળકીને ખાનગી અને બાદમાં જનાના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. પ્રદ્યુમ્નનગર પોલીસે બાળકીની માતાની ફરિયાદ પરથી સ્કૂલનાં શિક્ષિકા વિરુદ્ધમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાજપનો ભ્રષ્ટાચાર ક્યાં જઈને અટકશે : ઈન્દ્રનીલ રાજગુરુ

## રાજકોટ શહેરના તમામ વિસ્તારોમાં કોંગ્રેસ લોકોમાં સત્તાધીશો દ્વારા ભ્રષ્ટાચારીઓને બચાવવા ચાલી રહેલ અભિયાન સામે જાગૃતિ આવે તે માટે ચાર રથ ફેરવશેઃ પોલીસ તંત્ર વહીવટી તંત્ર અને મનપાતંત્ર ભાજપનો હાથો બનીને કામ કરી રહ્યાનો કોંગ્રેસનો આક્ષેપ





(તસ્વીરઃ આનંદ જાવિયા)





રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ભ્રષ્ટાચારે માજા મૂકી છે ત્યારે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આજે એક પત્રકાર પરિષદનું આયોજન કરાયું હતું જેમાં પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસે અગ્રણી ઈન્દ્રનીલ રાજગુરુએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ ભ્રષ્ટાચારીઓને બચાવી રહ્યું છે પોલીસ તંત્ર વહીવટી તંત્ર અને મહાનગરપાલિકા તંત્ર પણ આ ભારતીય જનતા પક્ષનો હાથો બનીને કામ કરી રહ્યું છે તેમણે જણાવ્યું હતું કે રાજકોટમાં તાજેતરમાં સીટી બસ એ ચાર નિર્દોષ નાગરિકોના ભોગ લીધા હતા તેમ છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ એવી યોગ્ય પગલાં લેવાયા નથી તેમણે ટીઆરપી અગ્નિકાંડ સહિતની તમામ દુર્ઘટનાનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે ભાજપ ના સતાધીશો ભ્રષ્ટાચારીઓને છાવરવાનું કામ કરી રહ્યા છે જેને લઈ લોકોમાં જાગૃતિ આવે તે માટે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા તમામ વોર્ડમા જાગૃતિ રથ ફેરવવામાં આવશે ફેરવવામાં આવશે જેના દ્વારા લોકોને ચાલી રહેલા ભ્રષ્ટાચાર સામે જાગૃત કરાશે. આ જાગૃતિ રથ શહેરના તમામ બોર્ડમાં ફરવા સાથે લોકોને ઘરે ઘરે જઈને સમજણ આપશે ભારત સાથે કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકર પણ ફરશે આજની પત્રકાર પરિષદમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી મનપના વિરોધ પક્ષનેતા વશરામ સાગઠીયા સહિતના હોદ્દેદારો અને કાર્યકરો જોડાયા હતા

# રાજકોટ શહેરનુ નિંભર પોલીસ તંત્ર ક્યારે સુધરશે?: સામાજિક અગ્રણી જયેશ ગાંધી

■ બેફામ સ્પીડે દોડતી માતેલા સાંઢ જેવી સીટી બસની ગતિ પર ક્યારે રોક લગાવાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં દિવસેને દિવસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી રહી છે

આ માટે મુખ્યત્વે શહેરનું પોલીસ તંત્ર જવાબદાર છે તેમ શહેરના જાગૃત નાગરિક જયેશ ગાંધીએ જણાવ્યું હતું તેમણે આક્ષેપ કર્યો હતો કે પોલીસના નિમંભર વહીવટના કારણે જ સીટી બસ અને અન્ય વાહનો રાજકોટ શહેરમાં બેફામ ગતિએ દોડી રહ્યા છે ત્રણ દિવસ પહેલા જ ઈન્દિરા સર્કલ પાસે બેફામ ગતિએ દોડતી સીટી બસે ત્રણ નિર્દોષ વ્યક્તિનો ભોગ લીધો હતો અને અન્ય ઘાયલ થયા હતા પરંતુ તંત્ર દ્વારા જવાબદારી લેવાને બદલે તેની ફેકા ફેંકી કરવામાં આવી રહી છે શહેરના સળગતા પ્રશ્નનું નિરાકરણ લાવવા પોલીસ તંત્ર સદંતર નિષ્ફળની નિવડ્યું છે જેને વારંવાર શહેરમાં ચોરીના લૂંટફાટ ના અને ખૂનના બનાવ બની રહ્યા છે બે દિવસ પહેલા જ રાજકોટના હાર્દસમા ત્રિકોણ બાગ પાસે ટાઈટનના શોરૂમમાંથી ૭૦ લાખની ઘડિયાળ ની ચોરી થઈ હતી પરંતુ હજુ સુધી તેનું પગેરું મળ્યું નથી શહેરમાં ટ્રાફિક સિગ્નલના નિયમોનું પાલન પણ થતું નથી સીટી બસ સહિતના વાહનો સિગ્નલ બંધ હોવા છતાં પોલીસની બીક ન હોય તેમ સિગ્નલ તોડી તોડી પોતાનું વાહન હંકારી જાય છે દરેક સિગ્નલ પોઈન્ટ પર ટ્રાફિક પોલીસ જીવિોર્ડન ઊભા હોય છે તેમ છતાં તેઓ આવા તત્વોને ભાન કરાવતા શરમ અનુભવે છે

# મોટા મવા અને મવડી સ્મશાન ગૃહમાં સામૂહિક અસ્થિ પૂજનનો કાર્યક્રમ

મોટા મવા ઓમકાર ટ્રસ્ટ સંચાલિત સ્મશાન ગૃહ મોટા મોવા કાલાવાડ રોડ શાંતિધામ ખાતે આજે તાઃ૧૯ ને શનિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે તેમજ મવડી શિવધામ ખાતે તાઃ૨૦ને રવિવારના રોજ સવારે ૮થી ૧૨ કલાકે પ્રમુખ વિજય કોરાટના માર્ગદર્શન હેઠળ અસ્થિ પૂજન નો કાર્યક્રમ રાખેલ છે મોટા મવા સ્મશાનમાં ૫૧૭ મૃતઆત્માઓનું અસ્થિ પૂજન તેમજ મવડી સ્મશાન ખાતે ૧૧૭૬ મૃત આત્માઓનું પૂજન તેઓના પરિવારોએ બ્રાહ્મણો દ્વારા વિધિવત રીતે કરવામાં આવશે. આગામી તાઃ ૨૭/૦૪/૨૦૨૫ રવિવાર ને ચૈત્રી અમાસ (પિતૃ અમાસ) ના રોજ હરિદ્વાર ખાતે કનખલઘાટ ગંગાજીમાં સવારે ૮:૦૦ કલાકે પ્રમુખ અને ટ્રસ્ટીઓ દ્વારા અસ્થિઓનું બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક વિધિ પૂજન કરાવી બધા જ અસ્થિઓ ગંગાજીમાં વિસર્જન કરીશું.

# જિલ્લા પંચાયતમાં લોખંડી પુરુષ સરદાર પટેલની પ્રતિમા બાંધકામ દરમિયાન ખંડિત થઈ










(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરમાં જિલ્લા પંચાયત કચેરી નવી બનવાની છે ત્યારે જૂનું બાંધકામ તોડવા દરમ્યાન સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ડેમેજ થતાં શાસકો ચોંકી ઉઠ્યા છે. રાજકોટનીજિલ્લા પંચાયત કચેરી નવી બનવાની હોવાથી વહીવટી સ્ટાફ તથા પદાધિકારીઓ જુની કોર્ટના બિલ્ડીંગમાં સવળાંતર થયા છે. અત્યારે જિલ્લા પંચાયતની કચેરીનું જૂનું બાંધકામ તોડવાની કામગીરી મોટા ભાગે પૂરી થઈ છે. એ દરમ્યાન અહીં મૂકવામાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની અર્ધપ્રતિમાને નુકસાની થઈ હોવાનું બહાર આવ્યું છે. જેની તસવીરો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ છે. કોન્ટ્રાક્ટર દ્વારા થોડી ડ ઘણી નુકસાની વચ્ચે આ પ્રતિમા હટાવી લેવામાં આવી હતી. પતિમા હટાવવા દરમ્યાન વધુ કોઈ નુકસાની ન થાય એની તકેદારી રાખવા પદાધિકારીઓએ તાકીદ કરી છે. જિલ્લા પંચાયતના સંકુલમાં સરદાર પટેલ અને ડો. બાબાસાહેબ આંબેડકરની પૂર્ણ કદની પ્રતિમા પણ છે. એને ખસેડયા દરમ્યાન પણ કોઈ ડેમેજ ન થાય એની તાકીદ પણ કરવામાં આવી છે.

# રાજકોટ નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર મનપાનુ ડિમોલેશન





(તસ્વીરઃ આનંદ જાવિયા)

## ૨૫ થી વધુ કાચા પાકા મકાન પર JCB ફરી વળ્યું

શહેરના કાલાવડ પર આવેલ નવા દોઢસો ફીટ રીંગ રોડ પર આજે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડિમોલિશન હાથ ધરાયું હતું નોંધનીય છે કે સરકારી જમીન પર ઝૂપડા અને પાકા મકાનો બનાવી નાખવામાં આવેલ આ અંગે રાજકોટ મનપા દ્વારા નોટિસ આપી મકાન ખાલી કરવા હુકમ કરેલ પરંતુ જુદા ધારકો દ્વારા ખાલી ન કરાતા આજે તેમના મકાનો પર બુલડોઝર ફરી વળ્યું હતું આજે વહેલી સવારથી મનપા દ્વારા સરકારી જમીન ખાલી કરવા કામે લાગ્યું કોઈ અનિચ્છનીય બનાવના બને તે માટે મહાનગરપાલિકા દ્વારાપોલીસ અને ફાયર બ્રિગેડ ટીમ ને બંદોબસ્ત માટે રાખવામાં આવી હતી

# સામાજિક સંગઠનોએ સીટી બસ હિટ એન્ડ રન મામલે કર્યો હલ્લાબોલ







(તસ્વીરઃ આનંદ જાવિયા)










હાલમાં સિટીબસની હડફેટે રાજકોટ મા ૪ નિદોષ જીવ હોમાઈ ગયા.આ ચાર લોકો ના ગયેલ જીવ અને ભવિષ્ય મારી ઘટના ન બને તે માટે રાજકોટના વિવિધ સંગઠનો દ્વારા આજે આ બાબતે રાજકોટ મહાનગર પાલિકા કમિશનરને આવેદન અપાયું હતું.તો એ માફ કરી હતી કે બસ ની સ્પીડ લિમિટ બાંધવામાં આવે તેથી ઉપર ચલાવતા જણાય તો તે ડ્રાઈવર ઉપર એક્શન લેવામાં આવે, વધુમાં દરેક સિટી બસ અને સરકારી બસ ના ડ્રાઈવરોનો ફિટનેસ ટેસ્ટ કરવામાં આવે સામાજિક સંગઠનો એ – મૃતક ના પરીવાર ને ૩૦ લાખનું વળતર આપવામાં આવે, અને તેના પરીવાર ના એક સભ્ય ને કોર્પોરેશન માં નોકરી આપવમાં આવે તેવી માગ પણ કરી હતી આ ઘટનાના જવાબદારો સામે કાયદેસર કડક કાર્યવાહી કરવામાં આવે તેમ અંતમાં જણાવવામાં આવ્યું હતું. આજે સવારે સામાજિકઠનો ના કાર્યકર્તા દ્વારા મહાપાલિકા કચેરી ખાતે હલાબોલ કરાયો હતો જેને ધ્યાનમાં લઈ કચરી ખાતે પ્રથમ તે જ કડક બંદોબસ્ત ગોઠવાયો હતો. કાર્યકર્તાઓ વધુ કાંઈ કાર્યવાહી કરે તે પહેલા જ તેઓને ઉઠાવી લેવામાં આવ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# યુનીવર્સીટી પોલીસ મથકના મહિલા પોલીસ કોન્સ્ટેબલનો લાંચ લેવાના ગુન્હામાં જામીન પર છુટકારો

## મોબાઈલ ફોન પાછો જોઈતો હોય તો મારી સાથે રૂા.૨૦૦૦/- નો વહીવટ કરવો પડશે કહી લાંચ માગી હતી

**મુખ્ય સમાચાર રાજકોટ**

આ કેસ માં ફરીયાદી યોગેશ રાજેશભાઈ મકવાણા ધ્વારા રાજકોટ શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં એવી ફરીયાદ આપવામાં આવેલ કે તા.૨૭/૮/૨૪ ના રોજ તેઓ રૈયા ગામ બસસ્ટેશન પાસે હોય ત્યારે તેઓનો વિવો-વી-૨૫ મોડલનો મોબાઈલ ખોવાઈ ગયેલ હોય બીજા દીવસે ગાંધીગ્રામ-૨ યુની. પોલીસ સ્ટેશનમાં સદરહું મોબાઈલ ફોન ખોવાઈ ગયા અંગેની ફરીયાદ કરવા ગયેલ અને ગાંધીગ્રામ-૨ યુની. પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરને સંબંધોને મોબાઈલ ગુમ થયા બાબતનું ફોર્મ ભરી આધારકાર્ડ અને બીલની નકલ સાથેની અરજી કરેલી હતી. ત્યારબાદ તા.૩૧/૧૨/૨૪ ના રોજ સાંજના તેઓને ગાંધીગ્રામ યુની. પોલીસ સ્ટેશન માંથી ફોન આવેલ અને જણાવેલ કે તમારો ફોન મળી ગયેલ છે ફોનનું બીલ લઈ અને પોલીસ સ્ટેશનમાં આવજો જેથી તા.૧/૧/૨૫ ના રોજ સવારે ફરીયાદી પોલીસ સ્ટેશનમાં મોબાઈલ લેવા ગયેલ ત્યારે હાજર પોલીસ કર્મચારીએ તેઓને જણાવેલ કે મોબાઈલ ફોન પરત આપવાનું કામ અનીતાબેન કરે છે જે હાજર નથી જેથી ફરીયાદ ત્યાંથી નીકળી ગયેલ ત્યારબાદ તા.૨/૧/૨૫ ના રોજ ફરીથી પોલીસ સ્ટેશનમાં ગયેલ ત્યાં એક બેન બેઠેલ હતા અને તેઓને પુછેલ કે અનીતાબેન ક્યાં બેસે છે ત્યારે ખુરશી પર બેસેલ બેનએ કહેલ કે હું જ અનીતાબેન છું તમારે શું કામ છે જેથી ફરીયાદીએ તેઓને જણાવેલ કે મારો ફોન ખોવાઈ ગયેલ હતો તે પરત લેવા આવેલ છું જેથી તેઓ ધ્વારા ફોન બતાવી એક ફોર્મ ભરાવડાવેલ અને ફરીયાદીને કહેલ કે મોબાઈલ ફોન પાછો જોઈતો હોય તો મારી સાથે રૂા.૨૦૦૦/ - નો વહીવટ કરવો પડશે જેથી ફરીયાદી પાસે રકમ ન હોય તેઓએ રકમની વ્યવસ્થા કરી આપી જઈશ અને મોબાઈલ ફોન લઈ જઈશ તેવું કહી નીકળી ગયેલ હતા. ત્યારબાદ ફરીયાદી ધ્વારા તેઓના મીત્ર ભાવેશભાઈ રાઠોડને ખરી હકીકતની જાણ કરેલ હતી જેથી ભાવેશભાઈ રાઠોડએ તેઓને એ.સી.બી.માં ફરીયાદ કરવાનું જણાવેલ અને ફરીયાદી ધ્વારા સદરહું ફોન બાબતે એ.સી.બી.માં ફરીયાદ કરેલી હતી. સદરહું બનાવ બાબતે રાજકોટ શહેર એ.સી.બી. પોલીસ ધ્વારા તા.૩/૧/૨૪ ના રોજ ભાવેશભાઈ રાઠોડ તથા ફરીયાદી બંનેને ગાંધીગ્રામ-૨ યુની. પોલીસ સ્ટેશનમાં મોકલી મોબાઈલ ફોનમાં રેકોર્ડીંગ ચાલુ કરી સદરહું બનાવની વાતચીત રેકોર્ડ કરવા કહી અને સદરહું વાતચીત અંગેનું રેકોર્ડીંગ કરેલ હતું અને મોબાઈલ ફોન આપવા માટે રૂા.૧૫૦૦/- નો વહીવટ નકકી કરેલ હતો. અને જે અંગેની તમામ વાતચીતનું તેઓના ફોનમાં ઓડીયો રેકોર્ડીંગ કરેલ અને સદરહું લાંચ બાબતે એ.સી.બી.માં ફરીયાદ કરેલ જેથી એ.સી.બી. પોલીસ સ્ટેશન ધ્વારાત્યારબાદ સદરહું ફરીયાદ અન્વયે એ.સી.બી. પોલીસ સ્ટેશન ધ્વારા પ્રાથમીક પંચનામું અને પ્રાથમીક ફરીયાદ નોંધી ટ્રેપ ગોઠવવામાં આવેલ અને નકકી થયા મુજબ ટ્રેપ ગોઠવેલ અને ત્યારબાદ બધા ટ્રેપીંગ અધિકારી તેમજ પંચો તેમજ ફરીયાદી બધા ગાડીમાં બેસી લાંચની રકમ આપવા માટે ગાંધીગ્રામ-૨ યુની. પોલીસ સ્ટેશન જવા રવા થયેલ અને ત્યારબાદ નકકી થયા મુજબ રૂા. ૧,૫૦૦/- આ અનિતાબેન ને આપવાનું કહેતા તેઓએ સદરહું રકમ લઈ અને પોતાના મોબાઈલ ફોન પર રાખેલ હતી ત્યારબાદ ફરીયાદીએ ઈશારો કરતા ટ્રેપીંગ ઓફીસર તથા અન્ય અધિકારીઓ આવી સદરહું લાંચની રકમ કબ્જે કરી હતી તે મુજબની ફરીયાદ નોંધાવેલી હતી.

સદરહું ગુન્હા અનુસંધાને રાજકોટ એ.સી.બી. પોલીસ સ્ટેશન ધ્વારા આરોપી અનિતાબેન ઈશ્વરભાઈ વાઘેલાની અટક કરી જેલ હવાલે કરેલ હતા.

બાદમાં સદરહું ફરીયાદ અનુસંધાને પોલીસ ધ્વારા વિવિધ પંચનામાઓ કરી સાહેદોના નીવેદનો નોંધી મુદામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ હતું. ચાર્જશીટ બાદ આરોપી અનિતાબેન ઈશ્વરભાઈ વાઘેલા ધ્વારા રાજકોટ સેશન્સ અદાલતમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવેલ હતી જે જામીન અરજી નામદાર અદાલત ધ્વારા રદ કરવામાં આવેલ હતી ત્યારબાદ તેઓ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવેલ હતી. આરોપીને આ ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે તેમજ તા.૧/૧/૨૫ ના બનાવ અંગેની ફરીયાદ તા.૬/૧/૨૫ ના રોજ આપવામાં આવેલ છે તેમજ જે મુદામાલ મેળવવા અંગે લાંચ માંગવાની ફરીયાદીએ ફરીયાદ કરેલ છે તે મુદામાલ અંગેની લાંચની રકમ તેઓ પાસેથી રીકવરી થયેલ નથી તેમજ તેઓ ધ્વારા કોઈપણ જાતની રકમની માંગણી કરેલ ન હોવા છતા તેઓને ખોટી રીતે ખોટા કેસમાં ફીટ કરી દેવામાં આવેલ છે, તમામ તપાસ પુર્ણ થઈ ગયેલ છે તેમજ રીકવરી ડીસ્કવરી પુર્ણ થઈ ગયેલ છે હાલ તપાસના કામે આરોપીની કોઈ જરૂરીયાત રહેતી નથી તેવા સંજોગોમાં આરોપીને જામીન મુકત કરવા જોઈએ તેવી દલીલો કરવામાં આવેલ.

બચાવપક્ષની દલીલો અને પોલીસ તપાસના કાગળો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અનિતાબેન ઈશ્વરભાઈ વાઘેલાને શરતી જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવેલ હતો.



આ કામમાં ગુજરાત હાઈકોર્ટમાં વિશાલભાઈ આણંદજીવાલા તથા રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

## રૂ. ૧૦ લાખના બંડલમાં ૬-૬ નકલી નોટ નીકળતા ભાંડો ફૂટયો

# જેતપૂરમાં આંગડીયા પેઢીમાં નકલી નોટ ધાબડી અસલી લઈ લેવાના ખેલનો પર્દાફાશ

## ૫૦૦ના દરની ૧૨ નકલી નોટોનો ઉપયોગ કરવા બદલ ત્રણ શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર જેતપુર**

જેતપુરમાં આંગડીયા પેઢી મારફત અસલી નોટો વચ્ચે નકલી નોટો ધાબડી તેના બદલામાં અન્ય જગ્યાએ અસલી નોટો લઈ લેવાના ખેલને પોલીસે ખુલ્લો કરી નાખ્યો છે. જેમાં શહેરની આંગડીયા પેઢીના સંચાલકની સુચકતાથી ૫૦૦ રૂપિયાના દરની ૧૨ નકલી નોટોનો અસલ તરીકે ઉપયોગ કરવા બદલ પોલીસે ૩ શખ્સોને ઝડપી લીધા હતાં.



આ અંગેની માહિતી મુજબ શહેરમાં આવેલી આર.પી. એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢીમાંથી ગત તા. ૧૩ એપ્રિલના રોજ જેતપુરના કણકિયા પ્લોટ વિસ્તારમાં રહેતા રવિ શામજીભાઈ ડોબરીયા નામના શખ્સે જૂનાગઢના મિત પટેલ નામના શખ્સને ૧૦ લાખ રૂપિયા મોકલ્યા હતાં. જેમાં આંગણીયા પેઢીને એક મોટી રકમનું આંગડીયું કરવાનું હોવાથી આ ૧૦ લાખની નોટોનું બંડલની ગણતરી કરતા બે નોટોના બંડલમાં ૬-૬ નોટો નકલી નીકળી હતી. જેથી આવી નકલી નોટો કોઈ પધરાવી ગુન્હાહિત કૃત્ય કરતો હોય આ પેઢીના સંચાલકે પ્રથમ પૈસા જમા કરાવનાર રવિ ડોબરીયા નામના શખ્સને ફોન કરી ૧૨ નકલી નોટ આવેલ હોવાનું જણાવતા મારા મિત્રને મોકલું છું તે નોટો બદલાવી જશે તેમ કહેલ. જેથી પેઢી સંચાલકે આ વિશે પોલીસને જાણ કરતા પોલીસ તરત જ પેઢીએ પહોંચી ગઈ હતી. અને નોટ બદલાવવા આવનારની વોચમાં ગોઠવાઈ ગઈ હતી. અને જેવો રવિ નોટ બદલવા આવતા આંગડીયા પેઢીના સંચાલકે પોલીસને ઈશારો કરી દેતા પોલીસે તરત જ તેને ઝડપી લીધો હતો.આ શખ્સને પોલીસ સ્ટેશન લાવી પુછપરછ કરતા તેણે જણાવેલ કે ધોરાજી શહેરના હિરપરાની વાડી મેઈન રોડ પર રહેતા તેનો મિત્ર પ્રજ્ઞેશ ઉર્ફે પ્રિન્સ ઉર્ફે લાલુ દિનેશભાઈ ઠુંમર અગાઉ રૂપિયા દસ લાખનું આંગડીયુ કરી આવ્યો હતો અને તેણે અમુક નોટોના બંડલમાં બનાવટી નોટ નાખી હોય જે નોટોના બંડલ મને કોઈને કહ્યા વગર કંઈ બોલ્યા વગર બદલી લાવવાનું કહ્યું હતું. જેથી આ બનાવટી નોટો વાળા બંડલ બદલવા માટે આવ્યો હોવાનુ સ્વીકારેલ. જ્યારે આંગડીયા પેઢીના સંચાલક નિકેશભાઈએ પોલીસને વધુમાં જણાવેલ છે.

અગાઉ પણ પ્રજ્ઞેશ ઉર્ફે પ્રિન્સ ૧૦ લાખ રૂપિયાનું આંગણીયું કરેલ તેમાં પણ નકલી નોટો નીકળી હતી જે નોટો ધોરાજીનાં ખારવાવાડમાં રહેતો તેના મિત્ર મિત કિરણભાઈ અંટાળા બદલાવી ગયો હતો. જેથી પોલીસે પ્રિન્સ ઉર્ફે પ્રજ્ઞેશ તેમજ મિત અંટાળાને ધોરજીથી પકડી લાવી ત્રણેય શખ્સો સામે ભારતીય અર્થતંત્રને નુકશાન પહોંચાડવાની બીએનએસ કલમ ૧૭૯, ૧૮૦ અને ૫૪ હેઠળ ગુન્હોનોંધી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે સોમવાર સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા.

# વેપારીને ૬૪.૮૦ લાખનો ચુનો લગાવનાર મહારાષ્ટ્રની ત્રીપૂટીની ધરપકડ

## હળદરની ખેતીમાં ઉચા વળતરની લાલચ આપી છેતરપીંડી કરતા ૧૯ સામે ગુનો નોંધાયો હતો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં છેતરપીંડીના બનાવમાં ૧૯ સામે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાયા બાદ આ પ્રકરણમાં સંડોવાયેલ ચાર શખ્સોની ધરપડક કરી અન્યોની શોધખોળ કરવામાં આવી હતી આ મામલે ક્રાઈમ બ્રાંચની ટીમે વધુ સુત્રધાર સહીત ત્રણ શખ્સોની ધરપકડ કરતા ૧૯ માંથી કુલ ૭ ને ઝડપી લઈ અન્યોને ઝડપી લેવા તપાસ શરૂ કરવામાં આવી છે. મુંબઈની કંપનીના ૧૯ શખસે રાજકોટના ખેતી પ્રોડકટની કંપનીના વેપારી ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર બીગબજાર પાછળ રહેતા અને મવડી મેઈન રોડ ઉપર ધર્મભક્તિ વેન્ચર પ્રા.લી. નામે ખેતી પ્રોડક્ટ લે-વેચ કંપની ધરાવતા પ્રશાંતભાઈ પ્રદિપભાઈ કાનાબારને હળદરની ખેતીમાં ૧૬૪ કરોડના વળતરની લાલચ આપી રૂ. ૬૪.૮૦ કરોડની છેતરપીંડી આચરી હતી. આ અંગે ક્રાઈમ બ્રાંચમાં મુંબઈ મહારાષ્ટ્રની એ.એસ. એગ્રી એન્ડ એક્વા કંપનીના ડિરેક્ટર સંદેશ ગણપત ખામકર, પ્રશાંત ગાવિંદરાવ જાડે, હિરેન દિલીપભાઈ પટેલ, રોહિત રમેશભાઈ

લોન્કર, કમલેશ મહાદેવરાય ઓજે, સંદીપ સિતામણ સામંત, પ્રવિણ વામન પથારે, હર્ષલ મહાદેવરાય ઓજે, વૈભવ વિલાસ કોટલાપુરે, સુરીદર અવતાર સીંગ ધિમન, નિરંજન ક્રિષ્નાનંદ કડલે, જયંતા રામચંદ્ર બાંદેકર, પ્રતિક વિનોદ શર્મા, સાઈનાથ સંભાજી રાવ હાડોલે, સેન્થીલ કુમાર સેલ્વારાજ નાદર, અવિનાશ બબલ સાંગલે, શ્રીનિવાસ તુલસીદાસ ભુસેવર અને નવનીતાસિંગ બિરંદરપાલાસિંગ તુલી સામે ફરિયાદ નોંધાઈ હતી. ક્રાઈમ બ્રાંચની ટીમે હર્ષલ મરાઠી, વૈભવ મરાઠી, પ્રવીણ મરાઠી અને હિરેન પટેલની મહારાષ્ટ્ર ખાતેથી ધરપકડ કર્યા બાદ આરોપી પ્રશાંત ઝાડે કંપનીમાં ૫૫ ટકાનો ભાગીદાર છે. ક્યારેક કે બાકીના



૧૮ ભાગીદારો ૨.૫૦%ના ભાગીદારો હોવાનું સામે આવ્યું છે. આ ઠગ ટોળકી સામે વડોદરા, અમરેલી અને મહારાષ્ટ્રના થાણે તથા પુણેમાં પણ આ પ્રકારના ગુનાનોંધાઈ ચુક્યા છે. જેમાં સંદેશ ખામકર, પ્રશાંત ઝાડે અને સંદીપ સામંત પકડાઈ હાલ મુંબઈ જેલમાં હોય ક્રાઈમ બ્રાંચના પી.આઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર અને સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એસ.ગરચર અને પીએસઆઈ વી.ડી.ડોડીયાની ટીમે અન્ય આરોપીને પકડવા મહારાષ્ટ્ર ગઈ હતી જેમાં ટોળકીના સુત્રધાર પ્રશાંત ઝાડે સાથે સંદેશ ખામકર અને સંદીપ સામંતનો જેલમાંથી કબજો લઈ વધુ તપાસ શરૂ કરી છે.

# સિવિલ હોસ્પિટલમાં દર્દીનાં ખિસ્સામાંથી મોબાઈલ સેરવતો ચોર ઝડપાયો

- ગઠિયાને સિક્યુરીટી સ્ટાફે રંગે હાથ ઝડપી લઇ પોલીસ હવાલે કર્યો



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દવા લેવા આવેલા મોટી મોલડી ગામના પ્રૌઢના ખીસ્સામાંથી ગઠીયાએ મોબાઈલની તફડંતચી કરવા જતા સિક્યુરીટી સ્ટાફ દ્વારા તેને રંગેહાથ ઝડપી લઈ પોલીસને સોંપવામાં આવ્યો હતો. બનાવને પગલે ઈમરજન્સી વોર્ડ પાસે લોકોના ટોળા એકઠા થયા હતા.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ચોટીલા તાલુકાના મોટી મોલડી ગામે રહેતા હિરાભાઈ આલાભાઈ પરમાર (ઉ.વ.૬૦) નામના પ્રૌઢ સવારે

પોતાને હૃદયની તકલીફ હોવાથી સિવિલ હોસ્પિટલમાં દવા લેવા માટે આવ્ય હતા. તેઓ ઈમરજન્સી વિભાગમાં હતા ત્યારે એક શખ્સે તેના ખીસ્સામાંથી મોબાઈલ કાઢી લઈ ભાગવા જતો હતો ત્યારે જ દર્દીએ રાડ પાડતા ઈમરજન્સી વોર્ડમા હાજર સિક્યુરીટી સ્ટાફ દ્વારા મોબાઈલની તફડંચી કરનાર શખ્સને દબોચી લીધો હતો. પ્રાથમિક પુછપરછમાં આરોપીનું નામ રાહુલ રાજુ સોલંકી (રહે. કાળાસર ગામ તા.ચોટીલા) હોવાનું અને તે તેની પત્ની સાથે આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. સિક્યુરીટી સ્ટાફ દ્વારા તેને પકડી પાડી પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ મોબાઈલ તફડાવનાર રાહુલ સોલંકીને પોલીસ સ્ટેશન લઈ જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# માળીયા(મી)-જામનગર હાઈવે રોડ પરથી ૪૦૦ લીટર દેશી દારૂ ભરેલ કાર ઝડપાઈ, ચાલક ફરાર



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા માળીયા(મી)-જામનગર હાઈવે, રેલ્વે ફાટક પાસે રોડ ઉપરથી મારૂતિ સુઝુકી કંપનીની ઈગ્નીશ ફોર વ્હીલ કારમાંથી ૪૦૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો, જ્યારે કાર ચાલક પોલીસને જોઈને કાર રેઢી મૂકીને નાસી જતા, એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડ ટીમે કાર અને દેશી દારૂ સહિત ૩.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી, આરોપી કાર ચાલક તથા તપાસમાં ખુલ્લે તે તમામ આરોપીઓ વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્ટાફના ઈશ્વરભાઈ કલોતરા, ભરતભાઈ જીલરીયાનાઓ માળીયા(મી) વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન માળીયા-જામનગર હાઈવે રોડ માળીયા રેલ્વે ફાટક પાસે આવતા, સામેથી એક ફોર વ્હીલ કાર આવતી જોવામાં આવેલ, જે ગાડી દેખીતી રીતે શંકાસ્પદ જણાતી હોય જેથી આ ગાડીને ઉભી રાખવા કહેતા આ ફોર વ્હીલ ગાડીના ચાલકે પોતાના હવાલા વાળી ફોર વ્હીલ ગાડી રોડની સાઈડે ઉભી રાખેલ અને પોલીસ તેની પાસે જતા, ચાલકને પોલીસ અંગેની શંકાને લીધે કાર રેઢી મુકીને નાશી ભાગી ગયેલ. જેથી આ મળી આવેલ ફોર વ્હીલ ગાડી મારૂતિ સુઝુકી કંપનીની ઈગ્નીશ કંપનીની રજી.નં. જીજે-૦૩-એલજી-૦૩૯૨ માંથી અલગ-અલગ પ્લાસ્ટીકના બાચકા નંગ-૮ માં ૪૦૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવેલ હોય જેથી પોલીસે ફોર વ્હીલ કાર તથા દેશી દારૂનો જથ્થો સહિત કુલ કિ.રૂ.૩.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈને માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સગીર વિદ્યાર્થીનીને ફરવા લઈ જવાનું કહી નરાધમે ઘરે લઈ જઈ હવસનો શિકાર બનાવી



હોસ્પિટલ ચોક પાસે સ્કુલે પરીક્ષા આપવા ગયેલી ધોરણ ૯ની છાત્રા બહાર નીકળ્યા બાદ પરિચિત શખ્સે ફરવા લઇ જવાના બહાને ઘરે લઈ જઈ ગળે અને છાતીના ભાગે બચકા ભરી શારીરિક અડપલા કરતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લઈ જેલભેગો કરી દીધો છે. આ બનાવ અંગે ની પોલીસ માંથી મળતી માહિતી મુજબ રાજકોટમાં રહેતા પિતાએ ભગવતીપરા જયપ્રકાશનગરમાં રહેતા રાહુલ નારણભાઈ નગવાડિયા ઉ.૨૯ સામે અપહરણ, પોક્સો સહિતની કલમ હેઠળ એ ડીવીઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ધોરણ ૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષ ૪ માસ ઉમરવાળી દીકરી પરીક્ષા આપવા ગઈ હતી રીક્ષાવાળાએ તમારી દીકરી બહેનપણી સાથે ગઈ છે તમે તેડી આવજો કહ્યું હતું બાદમાં ૧૧ વાગ્યે પત્નીએ ફોન કરી દીકરીને લઈ આવ્યા છીએ તમે ઘરે આવો તેમ કહેતા હું ઘરે ગયો હતો દીકરીએ કહેલ કે હું પરીક્ષા આપી દરવાજે ઉભી હતી ત્યારે રાહુલ આવ્યો હતો અને ચાલ આપણે ફરવા જઈએ કહી બાઈકમાં બેસાડી તેના ઘરે લઈ ગયો હતો અને શારીરિક અડપલા કરી છાતી અને ગળાના ભાગે બચકા ભરી લીધા હતા મેં ઘરે જવાનું કહેતા મને સ્કુલે મૂકી ગયાનું જણાવતા પીઆઈ આર જી બારોટ અને ટીમે હવસખોર રાહુલની ધરપકડ કરી જેલભેગો કરી દીધો હતો.

# પોલીસ પર હુમલો કરનાર થોરાળાનો નામચીન શખ્સ ૧૫ મહિના બાદ ઝડપાયો



થોરાળા ના ગોકુળપરા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી શેરીમાં પતરા લગાવી દઈ શેરી બંધ કરી લતાવાસીઓને ત્રાસ આપનાર સક્ષને પોલીસ પકડવા જતા પોલીસ પર હુમલો કરી ફરજ રોકાવટ કરી હોવાના ગુનામાં છેલ્લા ૧૫ મહિનાથી નાસ્તો કરતો થોરાળા નો નામચીન શામજી ઉર્ફે સામો મક્કા મકવાણા નામના શખ્સને ૧૫ મહિના બાદ થોરડા પોલીસે દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું છે ઝડપાયેલો નામચીન સામો ઉર્ફે શામજી મકવાણા વિરુદ્ધ અગાઉ દારૂમારામારી રાયોટીંગ છેડતી સહિતના ગુના પોલીસ ચોપડે નોંધાયેલા છે થોડા દિવસ પહેલા વેપારીને માર મારવાની વધુ એક ફરિયાદ થોરડા પોલીસમાં નોંધાયા બાદ પોલીસે તેની ધરપકડ કરી છે

# રૈયાધાર વિસ્તારનો યુવક મીત્રો સાથે ન્હાવા જતા પાણીમાં ગરક થઈ ગયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

પાળ ગામે નદીમાં ન્હાવા પડેલા બે મિત્રો પૈકી રૈયાધારનો એક યુવાન પાણીમાં ગરક થઈ જતાં મોત થયું હતું. ત્રણ મિત્રો ગઈકાલે પાળની નદીએ ન્હાવા ગયા હતાં. જેમાં એક મિત્રએ ન્હાવાનું માંડી વાળ્યું હતું અને તે બહાર ઉભો હતો. જ્યારે બે મિત્રો અંદર કુદ્યા હતાં. એ પછી પચ્ચીસ વર્ષનો યુવાન ડુબી જતાં મોત થયું હતું. કરૂણતા એ છે કે આ યુવાન ત્રણ બહેનનો એકનો એક ભાઈ અને પરિવારનો આધારસ્તંભહતો.

આ અંગેની માહિતી મુજબ રૈયાધાર માં રહેતો અજય રાજુભાઈ સામેચા(ઉ.વ.૨૫) નામનો યુવાન પોતાના મિત્રો હુડકો ચોકડી પાસે રહેતાં પ્રવિણ દેવાભાઈ કોળી (ઉ.વ.૨૫) અને રૈયાના બાવ હીરાભાઈ (ઉ.વ.૨૨) સાથે પાળ ગામને ન્યારી ડેમ પાછળના ભાગે જસવંતપુરા નજીક નદીમાં ન્હાવા માટે ગયો હતો. ત્યાં પહોંચ્યા બાદ બાવ ન્હાવા ગયો નહોતો. જ્યારે અજયભાઈ અને પ્રવિણ નદીમાં ઉતર્યા હતાં. ન્હાતા ન્હાતા અજયભાઈ ઉંડા પાણીમાં ગરક થવા માંડતાં મિત્રએ તેને બચાવવા પ્રયાસ કર્યો હતો પરંતુ તે ડુબી ગયો હતો.

ઘટનાથી મિત્રો હેબતાઈ ગયાં. ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયરમેન જયપાલસિંહ ઝાલા, ઓપરેટર રાજદિપસિંહ ઝાલા, હરેશભાઈ ગોંડલીયા, રાજેશભાઈ બારૈયા, જતીનભાઈ પરમાર, હાદિકભાઈ નાકીયા, અર્જુનસિંહ ચુડાસમા, ડ્રાઈવર હરવિજયસિંહ સહિતના પહોંચી ગયા હતાં. લાંબો સમય સુધી પાણીમાં શોધખોળ કર્યા બાદ અજયભાઈનો મૃતદેહ હાથમાંઆવતાં બહાર કાઢી લોધીકા પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી જરૂરી



કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. મૃત્યુ પામનાર અજયભાઈ રૈયાધારમાં પરિવાર સાથે રહી ચંદ્રેશનગરની શાક માર્કેટમાં લીંબુ, મરચા, આદુનો મસાલો વેંચી ગુજરાન ચલાવતો હતો. તે ત્રણ બહેનનો એકનો એક બીજા નંબરનો ભાઈ અને પરિવારનો આધારસ્તંભહતો. તેને સંતાનમાં એક દિકરો જે હજુ એક મહિનાનો છે.આ બનાવથી સમેચા પરિવારમાં શોક છવાયો હતો.

# માર્કેટ યાર્ડના પુલ પાસે ટ્રકમાં ચોરખાનું બનાવી સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો પકડાયો

## ગુના નિવારણ શાખાની ટીમે અલગ અલગ બ્રાન્ડની ૧૦૯૫ ચપલા કિંમત રૂપિયા ૨.૯૦ લાખ અને ટ્રક સહિત કુલ રૂપિયા ૮.૯ લાખના મુદ્દા માલ કબજે કર્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે ગ્રીનલેન્ડ ચોકડીથી ગોંડલ ચોકડી તરફ જતા બાયપાસ હાઈવે પર માર્કેટ યાર્ડના પુલ પાસે એક ટ્રકમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂનો જથ્થો લાવનાર ટ્રક ચાલકની ધરપકડ કરવામાં આવી છે જ્યારે ગુલાબ નગર સહકાર સોસાયટીના બુટલેગર ની શોધ કોણે પોલીસે શરૂ કરી છે

આ અંગેની માહિતી મુજબ ગુના નિવાસ શાખા ના ઈન્ચાર્જ પીઆઇ એમ આર ગોંડલીયા ની સૂચનાથી એએસઆઈ મહિપાલસિંહ હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામ સિંહ અને હરદેવસિંહ સહિતનો સ્ટાફ ગ્રીનલેન્ડ ચોકડી પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે એક ટ્રકમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂનો જથ્થો રાજકોટ આવતો હોવાની હકીકતના આધારે પોલીસે વોચ ગોઠવી હતી તે દરમિયાન ટ્રક નંબર લષ ૩ મ િ૧૪૧૨ માં ચાલાક શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે ટ્રકનો પીછો કરી માર્કેટયાર્ડ ના પુલ પાસે બાયપાસ હાઈવે પર અટકાવી ટ્રકની તલાસી લેતા પાછળના ભાગે ચોરખાનું બનાવી અલગ અલગ વિદેશી દારૂની બ્રાન્ડના ચપલા કુલ નંગ ૧૦૯૫ કિંમત રૂપિયા ૨.૯૦ લાખ નો જથ્થો મળી આવતા પોલીસે ટ્રકના ચાલક રાણાવાવ ગ્રીન સિટી પોરબંદર જિલ્લામાં રહેતો મોડું બાઠા ભૂતિયા નામના શખ્સની ધરપકડ કરી ટ્રક સહિત કુલ રૂપિયા ૮.૯૦ લાખનો મુદ્દા માલ કબજે કરી ઝડપાયેલા ટ્રકચાલકની આખરી પૂછપરછ કરતા દારૂનો જથ્થો ગુલાબ નગર સહકારી સોસાયટીમાં રહેતો મહાવીરસિંહ









## મેડિકલ ની ડિગ્રી વગર દર્દીઓના આરોગ્ય સાથે છેડા કરતો નકલી તબિયત ની ધરપકડ

પરમાર નામના બુટલે ઘરે મંગાવ્યા ની કબુલાત આપતા પોલીસે આ સક્ષ ની શોધ કોણે શરૂ કરી છે

જયારે અન્ય બનાવમાં એસોજીના પીઆઇ એસએમ જાડેજા ની સૂચનાથી કોન્સ્ટેબલ કિશોરભાઈ લજ્ઞજ્ઞલહય તથા અમિતભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે આરટીઓની ઓફિસ પાછળ આવેલ મકાનમાં એક શખ મેડિકલ ની ડિગ્રી વગર દર્દીઓના આરોગ્ય સાથે છેડા કરતો હોવાની હકીકતના આધારે પોલીસે દરોડો પાડી નકલી તબીબ હરેશ સવજી મારુ રહે શ્રીરામ સોસાયટી આરટીઓ પાછળ ની ધરપકડ કરી રૂપિયા ૧૭૦૦૦ થી વધુનો દવાનો જથ્થો અને અન્ય ચીજ વસ્તુઓ કબજે કરી છે